RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 240* Date: 20.06.2023, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરનું આદિપુરુષ પર નિવેદન

# ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો અધિકાર કોઈને નથી



આદિપુરુષ ફિલ્મને લઈને વિવાદ સતત વધતો જાય છે. એવામાં હવે કેન્દ્ર સરકાર દ્વારા પણ કડક ટિપ્પણી કરવામાં આવી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે આજે આદિપુરુષ ફિલ્મ વિશે નિવેદન આપતા જણાવ્યું કે, દેશમાં કોઈને પણ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો અધિકાર નથી. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરનું કહેવું છે કે, સેન્સર બોર્ડે આ અંગે જે પણ નિર્ણય લેવાનો હતો તે તેમણે લીધો છે. આ તેનું કામ છે. ફિલ્મના નિર્માતા અને નિર્દેશકોએ ફિલ્મના ડાયલોગ બદલવાની વાત કરી છે. ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો કોઈને અધિકાર નથી.આદિપુરુષમાં દર્શાવવામાં આવેલા સંવાદને લઈને દર્શકો દેશભરમાં વિવાદ કરી રહ્યાં છે. આ તમામની વચ્ચે રાઈટર મનોજ મુંતશિરે મુંબઈ પોલીસ પાસે સુરક્ષાની માંગ કરી હતી. ચાલી રહેલા વિવાદ બાદ રાઈટરે પોતાના જીવ સામે જોખમ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જો કે તમામ સંજોગોને જોયા બાદ મુંબઈ પોલીસે મુંતશિરની અરજી મંજૂર કરી છે.આ સિવાય કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પટનામાં ૨૩ જૂને યોજાનારી બેઠકને લઈને વિરોધ પક્ષો પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું છે કે, જે વિરોધ પક્ષો બિહાર જઈ રહ્યા છે તેમણે નીતિશ કુમારને ત્યાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર વિશે પૂછવું જોઈએ. ૧૭૦૦ કરોડની કિંમતનો આ પુલ પત્તાના ઘરની જેમ એક વાર નહી પરંતુ અનેક વખત તૂટી પડ્યો છે. કરોડો રૂપિયાનું એમ્બ્યુલન્સ કૌભાંડ થયું છે. તે ભ્રષ્ટ પક્ષો સાથે ગઠબંધન ન કરવું જોઈએ. અગાઉ, ૧૨ જૂને પટનામાં વિપક્ષી નેતાઓની બેઠક યોજાવાની હતી, જો કે રાહુલ ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને ડીએમકેના વડા એમકે સ્ટાલિનની હાજરી ન હોવાને લીધે તે મોકૂફ રાખવામાં આવી હતી. હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળના દ્વહછ સામે સંયુક્ત મોરચો બનાવવા માટે ૨૩ જૂને પટનામાં વિપક્ષની બેઠક થશે. રાહુલ ગાંધી, ખડગે અને સ્ટાલિન ઉપરાંત, અન્ય મુખ્ય વિપક્ષી નેતાઓ જે બેઠકમાં ભાગ લેશે તેમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના વડા શરદ પવાર અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સામેલ થશે.

## ૩૫ વર્ષથી કૉંગ્રેસ સાથે જોડાયેલા ગોવાભાઈ રબારી શક્તિપ્રદર્શન સાથે ભાજપમાં જોડાયા



અમદાવાદ: ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓ ભાજપમાં જોડાઈ ગયાં છે. ત્યારે આજે કોંગ્રેસના ૩૫ વર્ષ જુના દિગ્ગજ નેતા ભાજપમાં જોડાતા રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે. બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના પીઢ નેતા ગોવાભાઈ રબારી ડીસા માર્કેટયાર્ડ ખાતે જાહેરસભા યોજ્યા બાદ ભાજપમાં જોડાયા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ દ્વારા ખેસ પહેરાવીને વિધિવત રીતે આવકારવામાં આવ્યા છે.ગોવાભાઈના સમર્થનમાં કોંગ્રેસના ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ અને આગેવાનો પણ ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભાજપમાં જોડાતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ગોવાભાઈને ભાજપમાં લાવવા માટે ભારતીય જનતા પાર્ટીના બે દિગ્ગજ નેતાઓએ ખેલ પાડ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. ગોવાભાઈ દેસાઈ ૩૫ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા હતા. તેઓ અત્યાર સુધીમાં ૭ વખત વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેમના પુત્ર સંજય રબારીને ટિકિટ આપી હતી. આ ચૂંટણીમાં સંજય રબારીનો પરાજય થયો હતો.૨૦૧૭ની ચૂંટણીમાં ગોવાભાઈ ડીસા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. આ ચૂંટણીમાં કોંગ્રેસના ગોવાભાઈ રબારીને ભાજપના શશીકાંત પંડ્યા સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

## ગેરકાયદે અમેરિકા જવાનો મોહ રાખતા લોકો માટે ચોંકાવનારો કિસ્સો, અમદાવાદના દંપતિનું ઈરાનમાં અપહરણ



ગાંધીનગર: ગેરકાયદે અમેરીકા જવા ઈચ્છતા લોકો માટે બોધપાઠ સમાન એક દર્દનાક ઘટના સામે આવી છે. જેમાં અમદાવાદના નરોડાના પટેલ દંપત્તિનુ અમેરીકા પહોંચતા પહેલા જ અપહરણ થઈ જાય છે. તેમજ પંકજકુમાર ભરતભાઈ પટેલ નામના આ યુવાનને ઉંધો સુવડાવી તેના પર બ્લેડના અસંખ્યા ઘા મારવામાં આવે છે. લોહી નિકળતી હાલતમાં આ યુવાન દર્દથી તડપી રહ્યો છે. રડતા રડતા પોતાના ભાઈને કહે છે કે, ભાઈ મુજે માર દેંગે...પૈસે ડાલો જલ્દી સે જલ્દી પૈસે ડાલો...મુજે માર દેંગે.પકંજ પટેલના સગા ભાઈ સંકેત પટેલે આ બનાવની જાણ કૃષ્ણનગર પોલીસને કરી છે. જેમાં પોલીસને જણાવાયુ છે કે, તેમના તભાઈ-ભાભીએ ગાંધીનગર સરગાસણ ખાતેના એક એજન્ટ સાથે રૂ.૧.૧૫ કરોડમાં ગેરકાયદે અમેરિકા જવાનો સોદો નક્કી કર્યો હતો. એજન્ટે એવુ કહ્યું હતું કે તેમના ભાઈ ભાભીને પહેલા હૈદરાબાદ લઈ જવાશે અને ત્યાંથી બીજો એજન્ટ તેમને વાયા, દુબઈ, ઈરાન થઈને અમેરિકા મોકલશે. અમેરિકા પહોંચતા પહેલતા જ તેમના ભાઈ ભાભીનુ ઈરાનમાં અપહરણ થયાની આશંકા છે. પંકજ પટેલ પર ત્રાસ ગુજારતા વીડિયોની ક્લિપિંગ અને મેસેજ પરિવારજનોને મોકલાયો છે. શરૂઆતમાં પકંજ પટેલ અને તેમના પત્ની કોઈ હોટલના સ્વીમિંગ પૂલની નજીક ઉભા છે અને અમેરિકા જઈ રહ્યા હોવાનુ જણાવે છે. બીજા વીડિયોમાં પકંજ પટેલને બાથરૂમમાં ઉંધો સુવડાવીને તેમના પીઠ પર બ્લેડ વડે ઉપરાઉપરી ઘા મારવામાં આવે છે.પંકજ પટેલ રડતા રડતા હિન્દીમાં કહે છે કે, જલ્દીથી પૈસા મોકલી આપો નહીતર આ લોકો મને મારી નાખશે. ત્યાર બાદ અપહરણકર્તા પંકજને ચુપ કહેવાનુ કહીને પોતે હિન્દીમાં મેસેજ આપે છે કે પૈસા નહી ડાલોગે તો ખુદા કી કસમ હમ ઈસકે ગુર્દાક નિકાલ કર બેચ દેંગે પૈસા ડાલો આગે આપકી મરજી. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને યુવાન પટેલ દંપતિને કઈ રીતે બચાવી શકાય તે માટેના પ્રયાસો હાથ ધર્યા છે. સરકારે પણ આ સંદર્ભમાં તુરંત જ કાર્યવાહી કરે એવી પરિવારજનોની લાગણી છે.







## ફરી એક વખત ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે આમને-સામને, પોસ્ટર વોર શરૂ

મુંબઈ, તા. ૧૯

ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથ ફરી એક વખત આમને-સામને આવી રહ્યા છે. પરંતુ આ વખતે નહીં તો કોઈકે પાર્ટી છોડી છે અને નહીં તો કોઈ બીજા જૂથમાં સામેલ થયુ છે. આજે ૧૯ જૂનના રોજ ઉદ્ધવ અને શિંદે બંને જૂથ શિવસેનાનો સ્થાપના દિવસ મનાવવા જઈ રહ્યા છે. એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના ગોરેગાંવ સ્થિત દ્વઈજીર્ઝ ગ્રાઉન્ડમાં કાર્યક્રમનું આયોજન કર્યું છે જ્યારે શિવસેના (મ્) સેન્ટ્રલ મુંબઈના સિયોનમાં કાર્યક્રમ કરવા જઈ રહી છે. તેને લઈને પોસ્ટર વોર પહેલાથી જ શરૂ થઈ ગયુ છે. શિંદે જૂથના કલાનગર વિસ્તારમાં પોસ્ટરબાજી કરી છે. આ એ જ વિસ્તાર છે જ્યાં ઉદ્ધવ ઠાકરેનું નિવાસ સ્થાન માતોશ્રી છે. વિસ્તારમાં લગાવેલા પોસ્ટરોમાં લખ્યુ છે કે, 'શેરોની લીગ અબ ચલી ગોરેગાંવ'.વર્ષ ૨૦૨૨માં શિવસેનામાં એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથમાં વહેંચાઈ ગઈ હતી. એકનાથ શિંદેએ ૪૦ ધારાસભ્યો સાથે ઉદ્ધવ ઠાકરે સાથે બળવો કર્યો હતો અને ઉદ્ધવ જૂથથી અલગ થઈ યા હતા.

## અમેરિકાના એફ-૩૫ને ટક્કર આપવા ફ્રાંસ બનાવશે સુપર રાફેલ વિમાન



ભારતને અત્યાધુનિક રાફેલ જેટ પૂરા પાડનાર ફ્રાન્સની ડસોલ્ટ એવિએશન કંપની હવે અમેરિકાના એફ-૩૫ને પણ ટક્કર મારે તેવા સુપર રાફેલ વિમાનો બનાવી રહી છે.સુપર રાફેલ સ્ટેલ્થ ટેકનિકથી સજ્જ હશે અને તેની સાથે ફાઈટર ડ્રોનને પણ જોડી શકાશે. વિમાન સેલ્ફ ડિફેન્સ સિસ્ટમની સાથે સાથે જોઈન્ડ જામિંગ રડારથી પણ સજ્જ હશે અને યુધ્ધના મેદાનમાં દુશ્મન વિમાનથી બચવા માટે પોતાની આસપાસ સંરક્ષણાત્મક દિવાલ બનાવવાની ક્ષમતા ધરાવતુ હશે.હાલમાં અમેરિકા પોતાનુ એફ-૩૫ વિમાન ઘણા મિત્ર દેશોને વેચી રહ્યુ છે ત્યારે અન્ય કોઈ દેશ પાસે આ પ્રકારનુ વિમાન નથી અને ફ્રાન્સે હવે રાફેલ એફ-૫ નામથી નવુ વિમાન બનાવવાનુ શરુ કર્યુ છે. આ પ્રોજેક્ટ ૨૦૨૪થી ૨૦૩૦ દરમિયાન હાથ ધરાશે.ફ્રાન્સની સેનાએ સરકારને આ પ્રોગ્રામની જાણકારી આપવા માટે તાજેતરમાં એક પ્રેઝન્ટેશન પણ કર્યુ હતુ.ફ્રાંસની સેનાને આશા છે કે, એફ-૩૫ કરતા પણ વધારે સારુ વિમાન દેશમાં બની શકે છે. હાલમાં ફ્રાંસની સેના રાફેલ એફ-૩ આર પ્રકારનુ વિમાન ઉપયોગમાં લે છે. જે અગાઉના એફ-૩ રાફેલ વિમાનનુ અપગ્રેડ વર્ઝન છે.રાફેલ એફ-૩ આરમાં લાંબા અંતર સુધી હવામાં વાર કરી શકે તેવી મિટિઓર મિસાઈલ લગાવી શકાય છે.નવા સુપર રાફેલમાં ફ્યુચર ક્રુઝ મિસાઈલ અથવા ફ્યુચર એન્ટી શિપ મિસાઈલ લગાવવામાં આવશે.

## નાગપુરમાં હચમચાવતી ઘટના, રમતા રમતા કારમાં પૂરાઈ ગયેલા 3 બાળકોના મૃતદેહ મળ્યાં, પરિજનો શોધતા રહી ગયા

મહારાષ્ટ્રના નાગપુરમાં ગઈકાલે સાંજે ઘરથી ૫૦ મીટર દૂર જીંફમાં એક ભાઈ અને બહેન સહિત ત્રણ બાળકો મૃત હાલતમાં મળી આવ્યા હતા. આ બાબતે એક પોલીસ અધિકારીએ માહિતી આપી હતી. ફારુક નગરના રહેવાસી તૌફિક ફિરોઝ ખાન, આલિયા ફિરોઝ ખાન અને આફરીન ઈર્શાદ ખાન શનિવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ ગુમ થયા હતા જેની જાણ પચપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કરી હતી.અધિકારીઓના જણાવ્યું મુજબ બાળકોના માતા-પિતાને લાગ્યું કે, તેઓ નજીકના મેદાનમાં રમવા ગયા છે. જ્યારે બાળકો શનિવારની રાત સુધી પરત ન આવ્યા, ત્યારે માતા-પિતાએ પોલીસનો સંપર્ક કર્યો અને અપહરણનો કેસ નોંધાવ્યો હતો. ત્યારબાદ રવિવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ એક કોન્સ્ટેબલે તેના ઘરથી થોડે દૂર એક જીંફ પાર્ક કરેલી જોઈ. જેની અંદર ત્રણ બાળકો પડેલા મળી આવ્યા હતા.

## તંત્રી લેખ......

### 'પહેલવાનોના શોષણ'ના આરોપો સામે અયોધ્યાના અખાડાઓમાં 'શકિતશાળી' તરીકે જાણીતા બ્રિજભૂષણની ત્રિશંકુ સ્થિતિ

૧૨ વર્ષો સુધી ભારતીય કુસ્તી મહાસંઘના અધ્યક્ષ અને ૬ વખત સાંસદ ચૂંટાયેલા બ્રિજભૂષણ શરણસિંહના વિરુદ્ધ એક મહિના પહેલાં પોલીસે 'પહેલવાનોનાં શોષણ'ના કેસમાં એફઆઈઆર દાખલ કરી હતી. તેમની સામેની પોલીસ ફરિયાદમાં મહિલા પહેલવાનોના યૌન ઉત્પીડનની સાથેસાથે એક સગીર પહેલવાન વિરુદ્ધ યૌનહિંસાનો આરોપ પણ સામેલ હતો. દેશને ગૌરવ અપાવનાર મહિલા પહેલવાનોને પોલીસ ફરિયાદ માટે, આરોપીને એરેસ્ટ કરવા માટે ધરણા કરવા પડયા અને ૪૦ દિવસથી વધુ સમય થયો છતાં કોઈ ખાસ કાર્યવાહી જ થઇ નહીં.

જાન્યુઆરી ૨૦૨૩માં પણ પહેલવાનોએ કુસ્તી મહાસંઘના અધ્યક્ષ અને ભાજપના સંસદસભ્ય બ્રિજભૂષણ શરણસિંહ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. ઑલિમ્પિક, કૉમનવેલ્થ, એશિયન ચૅમ્પિયનશિપ અને દેશ-દુનિયાની અન્ય ઘણી સ્પર્ધાઓમાં મેડલ જીતનાર પહેલવાનો ૨૩ એપ્રિલથી દિલ્હીના જંતરમંતર પર ધરણાં કરી રહ્યાં હતા. પહેલવાનોનું કહેવું હતું કે, "જ્યાં સુધી તેમની ધરપકડ કરવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ તેમના ઘરે પાછા નહીં જાય." દેશનાં જાણીતાં પહેલવાનો વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયાએ દિલ્હીના જંતરમંતર પહોંચ્યાં બાદ આ મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો, તેમણે રેસલિંગ ફેડરેશનના અધ્યક્ષ બ્રિજભૂષણ શરણસિંહ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ, નાણાકીય અનિયમિતતા, ખેલાડીઓ સાથે દુર્વ્યવહારના ગંભીર આરોપો લગાવ્યા હતા. કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે પહેલવાનોની મુલાકાત લીધી હતી અને ૨૩ જાન્યુઆરીએ આરોપોની તપાસ માટે પાંચ સભ્યોની તપાસ સમિતિની રચના કરી હતી. આ સમિતિને ચાર અઠવાડિયાંમાં તપાસ પૂર્ણ કરવા માટે કહેવામાં આવ્યું હતું, ત્યાર બાદ તેની સમયમર્યાદા વધુ બે અઠવાડિયાં માટે લંબાવવામાં આવી હતી. હવે ખેલાડીઓનું કહેવું છે કે સમિતિ બનીને ત્રણ મહિના થઈ ગયા છે, પરંતુ સમિતિ દ્વારા શું તપાસ કરવામાં આવી હતી અને એ તપાસમાં શું તારણ આવ્યું હતું. તે હજુ સુધી બહાર આવ્યું નથી. તપાસ કમિટીના રિપોર્ટથી અસંતુષ્ટ થયેલા પહેલવાનોએ ૨૩ એપ્રિલે વીનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયાના નેતૃત્વમાં ફરી એક વાર દિલ્હી તરફ વળ્યાં હતાં અને જંતરમંતર પર બેઠાં હતાં.

મહિલા પહેલવાનોએ દિલ્હીના કનૉટ પ્લેસ પોલીસ સ્ટેશનમાં બ્રિજભૂષણ સિંહ વિરુદ્ધ ફરિયાદ કરી હતી, પરંતુ પોલીસે એફઆઈઆર નોંધી ન હતી. એટલે બીજી વાર જંતરમંતર પર ધરણાં શરૂ થયાં હતાં. પાલમ ૩૬૦ ખાપના પ્રધાન ચૌધરી સુરેન્દ્ર સોલંકી સમર્થન આપવા માટે જંતરમંતર પહોંચ્યા હતા અને અન્ય ખાપને સમર્થન આપવા અપીલ કરી હતી. પછી વીનેશ ફોગાટ સહિત અન્ય છ મહિલા પહેલવાનોએ બ્રિજભૂષણ શરણસિંહ વિરુદ્ધ એફઆઈઆરની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી

# કર્ણાટક કોંગ્રેસના કોકડાને ઉકેલવાની વિચારણા સમયે કોકડાને કેમ હાજર ન રખાયું? : - રાજુ રદીનો કન્ફયુઝડ સવાલ

" હેલ્લો . આર યુ મિ. ગિરધરલાલ ગરબડિયા?'' મારા પર એક ફોન કોલ આવ્યો. મોબાઈલ પર નવી દિલ્હીનો એસટીડી નંબર ડીસપ્લે થયો.મારે નવી દિલ્હી સાથે સ્નાન સૂતકનો સંબંધ નહીં. ગિરધરલાલ ગરબડીયા બખડજંતર ચેનલમાં નોકરી કરે. બહુબહુ તો અમદાવાદ કે ગાંધીનગરથી ફોન કોલ કદીમદી આવે.ચેનલના પત્રકાર હોઈએ એટલે સરપંચનો ક્યારેક ફોન આવે. અલબત, મંત્રીના કાર્યાલયમાંથી પીએ કે પીએસનો ફોન આવે. કદીક અમને ધમકાવવા માટે ડી ગેંગનો ફોન આવે. ફલાણા બુટલેગર કે ઢીંકણા ડ્રગ પેડલર વિશે કેમ લખ્યું . હવે લખીશ તો મોટા ફોટા પર હાર લાગી જશે!!! પત્રકાર અને ધાકધમકીને ચોલી દામનનો સંબંધ હોય!! ક્યારેક પોલીસ જુગારના અડાની સ્ટોરી શા માટે કવર કરી તેવો સવાલ પૂછી નશાબંધીના બોગસ કેસમાં ફીટ કરી દેવાની રીડર સહદેવસિંહ, બકલ નં.૪૨૦ ની ભપકી આવે. પાણીમાં રહીએ અને માછલી મગર સાથે વેર કરવું પડે!!આવું બધા સાથે બનતું હોય એટલે આપણે પ્રેસ ફ્રીડમ સૂચકાંક પર પાછલા નંબરે છીએ. એ પણ એકસો એકસઠ કે એવા નંબરે છીએ.

" યેસ. આઇ એમ ગિરધરલાલ ગરબડીયા, સિનિયર સબ એડીટર બખડજંતર ચેનલ ઈઝ સ્પિકીંગ! વોટ કેન આઇ ડુ ફોર યુ?'' હું આવો જવાબ આપું . આપણામાં નમ્રતા ભારોભાર ભરેલી હોય જયારે સામેના છેડે કોઇક સ્ત્રી લાઇન પર હોય. અરે, યાર સ્ત્રી દાક્ષિણ્ય ( સ્ત્રી દાક્ષિણ્ય જ શા માટે? કોઇના દિમાગમાં આવો સવાલ ઉપસ્થિત થતો નથી ? સ્ત્રી પૌર્વાત્ય કે સ્ત્રી પાશ્ચિમાત્ય કેમ નહીં?? ) જેવી કોઇ ચીજ હોય કે નહીં??

" મેડમ વાત કરશે.'' કોઇ પાર્ટીની નવી દિલ્હી ખાતેની હેડ ઓફિસથી ફોન હતો.

" નમસ્કાર મેડમ.'' અમે જવાબ આપ્યો.

" નમસ્ટેએ!ગુડ મૉર્નિંગ મિસ્ટર ગિરધારલાલ ગરબાડીયા. રાજુ રડી કિધર હૈ?? હમ ઉન્હે ડો ડીનસે ઢુંઢ રહે હૈ! રાગા( સૂચનાઃ પપ્પુ ઉર્ફે રાહુલ ગાંધી રાગાના નામે ઓળખાય છે.) ઈઝ વોન્ટસ ટુ હીમ . વી વોન્ટ હીઝ એડવાઇઝ ઈન કર્નાટિકા ઈસ્યુ!! વી આર અનેબલ ટુ ડીકલેર ધી નેઈમ ઓફ ચીફ મિનિસ્ટર ઓફ કરનાટિકા !!'' મેડમે પ્રસ્તાવનાનો હાટકેશ્વર જેવો સુદ્રઢ પુલ બાંધ્યો !!! રાજુ રદી માટે પાર્ટી ચાર્ટર પ્લેન મોકલશે એમ પાર્ટી બેરરે કહ્યું. રાજુ રદી માટે ચાર્ટર છકડો તો ઠીક પણ ચાર્ટર શટલિયા રિક્ષા પણ લકઝરી ગણાય!!તો યેહ મુંહ ઔર મસૂર કી દાલ જેવો તાલ થયો. આ તો મિંયાકેપાંવ મે એડીદાસ કે જૂતે જેવું થયું!!

હુ અને રાજુ રદી મારતી ફલાઇટે ( આ મારતા ઘોડે તો સમજ્યા. ઘોડાને ચાબુક ફટકારી ભગાવતા હશે. પણ પ્લેનને કયાં ચાબુક મારતા હશે તે કૌતુક કે વિસ્મયનું વિષયવસ્તુ છે, ઠાકુર સોચ લો!!) નવી દિલ્હી પહોંચ્યા. એરપોર્ટ રાજુ રદી માટે લાલ જાજમ બિછાવેલ!રાજુએ ખુલ્લી લિમોઝીનમાં એરપોર્ટથી પાર્ટી દફતર સુધી રોડ શો કર્યો. (કર્ણાટકમાં સાહેબે લાંબામાં લાંબા રોડ શો કરી પાર્ટીને રોડ પર લાવી દીધી એ વાત અલગ છે. કેમ કે, પપ હૈ તો મુમકીન હૈ! બોલો વંદે માતરમ. ભારત માતા કી જય!!)

આલિશાન પાર્ટી કાર્યાલય. જનરલી ચૂંટણી પછી સાપ સૂંઘી ગયો હોય તેવો નિરાશાજનક ,નકારાત્મક અને વિધ્વંસક માહૌલ હોય! ક્યારેક મતદારોની ભૂલ કે ઈવીએમની ગરબડને લીધે મૈયતને બદલે લગ્નનો માહૌલ સર્જાય પણ ખરો!!! પાર્ટી દફતરમાં કાર્યકર મહેરામણ( રાજકીય પાર્ટીના કાર્યકર માણસ નહીં પણ રોબોટ કે ચેટપીજીટી એટલે કે આર્ટિફિશયલ ઈન્ટેલિજન્ટ ગણાય છે. હાઇ કમાન્ડ કે લો કમાન્ડ ચાવી ભરે એટલે રાતદિવસ જોયા સિવાય તમામ કામ ભવિષ્યમાં ચૂંટણીમાં પાર્ટી ટિકિટનું લટકાવેલ ગાજર ખાવા મળશે એ આખાએ ગધેડા જેવું કામ કરે છે!! જેની અપેક્ષા ક્યારેય ફળીભૂત થતી નથી!

રાજુ રદીને કર્ણાટકમાં સર્જાયેલ તાઉતેનો પેચ સમજાવાયો. મુખ્યમંત્રીની ખુરશી એક અને એકસો છત્રીસ વિધાયકો દાવેદાર !! સૌથી જૂની પ્રાર્ટીમાં વિકરાળ રોગ વિકસેલો. (આમ, તો ચૂંટણીમાં ધોબીપછાડ હાર મળવાના લીધે ચૂંટાયેલ ધારાસભ્યોની બેઠક પાર્ટી ઓબ્ઝર્વરની હાજરીમાં યોજાય. સ્ક્રિપ્ટ મુજબના નેતાને વિધાયક દળના નેતા તરીકે જાહેર કરવામાં આવે, પાર્ટી સરકાર રચનાનો દાવો કરતો પત્ર મહામહીમ રાજયપાલને સુપરત કરે. રાજયપાલ મહોદય સરકાર રચવાનું આમંત્રણ આપતો પત્ર પાઠવે. મુખ્યમંત્રી સાથે એક બે મંત્રીઓનો શપથ ગ્રહણ સમારોહ યોજાય ! અંતે ઘીના ઠામમાં ઘા પડે અને સરકાર રચાય-આવું કંઇ કરવાનો અનુભવ નહીં! ક્યારેક તો વિપક્ષના નેતાનું પદ મળે એટલી એટલે કે પર્યાપ્ત માત્રામાં વિધાયકો ચૂંટાયા ન હોય!!)

કર્ણાટકનું કોકડું લાંબું ચાલ્યું. અમારા પક્ષમાં હાઇ કમાન્ડ ગમે તેવી કઠપૂતળી કે પપેટને સીએમની ખુરશીમાં બેસાડી દે. પછી પપેટ સીબીઆઈની જેમ સાહેબની ત્રિકાળ સંધ્યા અને મંગળા આરતી કરે. આવા બોનલેસ કે કમર વગરના સીએમને ભ્રષ્ટાચારના આરોપસર વાળીચોળીને મંત્રીમંડળ સહિત ડસ્ટબીનને હવાલે કરી દે!! જયારે સામેના પક્ષમાં ચૂંટણીમાં વિજય મળે પછી મુખ્યમંત્રી બનાવવામાં આલ્ફ્રેન્ડ હિચકોકના પિકચર જેવું સસ્પેન્સ ક્રિએટ કરે. ખરલમાં ઔષધ દ્રવ્ય ઘૂંટાય તેમ સસ્પેન્સ લંબાયે જાય. નોનસેન્સ નોનસ્ટોપ ચાલે.નવા નવા ઉમેદવારો દાખલ થાય. અમુક ઉમેદવાર રીટાયર્ડ વીથ હર્ટ થાય!! છેવટે કોથળામાંથી બિલાડી કે ઉંદરડું કાઢે પાંચ વરય બાકીના તેને શાંતિથી રાજ કરવા ન દે!

આ પાર્ટીમાં ચૂંટણી યોજાયા પછી મુખ્યમંત્રી બનવાની ટાંટિયાખેંચની ચાંચિયા પ્રવૃતિ, જૂથબધી, ઘોર ગેરશિસ્ત ( એટલે કે આંતરિક શિસ્તના ચીરહરણની પ્રવૃતિ પર લીંપણ કરવાની પાર્ટી પ્રવક્તાની કામગીરી!) પંદર દિવસ મહિના સુધી સરકાર રચાય નહીં! નવી દિલ્હીની ચૂંટણીમાં શ્રીમતી શીલા દીક્ષિત વિરોધની વૈતરણી પાર કરીને વીસ-ત્રીસ દિવસે ત્રીજીવાર મુખ્યમંત્રી બનેલ!!ઘણીવાર તો ભેંસ ભાગોળે અને છાશ છાગોળેની જેમ મતગણતરીના પ્રારંભિક રૂઝાનને આધારે મુખ્યમંત્રી થવા કાદવાસ્થળીનુ કમઠાણ કંડારાય!! જો કે, પરિણામના અંતે લુહાર પછાડ હાર મળે એટલે બધા ફુગ્ગામાં ટાંકણી લાગતાં જ હવા નીકળી જાય!!

રાજુ રદીએ ઈલેકશન સ્ટ્રેટિજીસ્ટ એકસપર્ટ પ્રશાંત કિશોર ઉર્ફે પીકે ( ભાઈ આમિરખાનની પીકેની કયાં માંડો છો? દે ઠોકાઠોક કરે રાખો છો! તમે મિસ્ડ કોલ કરી સામેની પાર્ટી જોઇન કરી લો. તમારી ફેંકોલોજીની કળાની કદર થશે!!) કે શ્રાંકાંત ગોનુલુની જેમ રાજુ રદીએ એકથી વિકલ્પો સૂચવ્યા.(ચૂંટણી માટેની સ્ટ્રેટેજી ઘડવા માટે પીકે સશુલ્ક સેવા આપે છે. પોસ્ટ ઈલેકશન સિચ્યુએશન હેસલ ફ્રી હેન્ડલ કરવા માટે પણ સર્વિસ પ્રોવાઇડ કરવાની નોબત આવી ગઇ છે. કર્ણાટક કોંગ્રેસનું કોકડું ઉકેલવા રાજુને કરેલ સૂચન મુજબ

૧.મુખ્યમંત્રી અઢી વરસ અઢી વરસ રાખવાની ફોર્મ્યુલા અમલમાં મુકી છે.

૨.દિવસ- રાતના અલગ મુખ્યમંત્રી રાખી શકાય.

૩.ઉષા અને સંધ્યા માટે અલગ અલગ મુખ્યમંત્રી રાખી શકાય.

૪.કચેરી સમય પહેલાં અને કચેરી સમય બાદના મુખ્યમંત્રી રાખી શકાય!!

૫.શિયાળા, ઉનાળા અને ચોમાસા માટે અલગ મુખ્યમંત્રી રાખી શકાય.

૬.જાન્યુઆરીથી જૂન અને જુલાઈથી ડીસેમ્બર માટે અલગ મુખ્યમંત્રી રાખી શકાય.

૭. ગુજરાતમાં મૂળરાજસિંહ સોલંકી નામના રાજા થઇ ગયેલા. મૂળરાજે યોદ્ધા તરીકે ખ્યાતિ મેળવી હતી. તેમના મામા સામંતસિંહ ઘણીવાર નશામાં હોય ત્યારે તેને રાજા તરીકે નિયુક્ત કરતા અને શાંત થઈ જાય ત્યારે તેને પદભ્રષ્ટ કરી દેતા. એક મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ તરીકે મૂળરાજ આ રીતે નિયમિત પણે નિરાશ થતા હતા. એક દિવસ જ્યારે નશામાં ધૂત સામંતસિંહે તેમને રાજા તરીકે નિયુક્ત કર્યા ત્યારે મૂળરાજે તેના મામાની હત્યા કરી

આભાર - નિહારીકા રવિયા અને કાયમી રાજા બનેલા એવી કિંવદંતી પ્રચલિત હતી.

૮.લીંબુ ચમચા રમત મુજબ પણ મુખ્યમંત્રી બનાવી શકાય.

૯.સંગીત ખુરશી પધ્ધતિએ મુખ્યમંત્રી બનાવી શકાય. હાલમાં પણ આ પધ્ધતિ મુજબ મુખ્યમંત્રીને બેસાડવામા કે ઉછાડવામાં આવે.

રાજુ રદી હજુ પણ કન્ફયુઝડ છે. પાર્ટી દફતરે આખી પરિસ્થિતિને કોકડા તરીકે વિગતવાર સમજાવેલી. પરંતુ કોકડાને તો હાજર રાખવામા આવેલ હતું નહીં. રાજુ રદીને આ કોકડું કેમ દેખાડ્યું નહીં ?તેમ પૂછે છે!!!!

ભરત વૈષ્ણવ

# યોગ અને ધ્યાન-અભ્યાસ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

યોગ સૃષ્ટિની શરૂઆતથી જ પ્રાચીન ભારતનો એક ખાસ મહત્વનો ભાગ રહ્યો છે. પ્રાચીન કાળના ઋષિ-મુનિઓએ અનેક ધર્મ ગ્રંથોમાં યોગના મહત્વ નો ઉલ્લેખ કર્યો છે. ઋગ્વેદમાં પણ અનેક જગ્યાએ યૌગિક ક્રિયાઓ વિશે જાણકારી મળે છે. મહર્ષિ પતંજલિએ યોગ ની પરિભાષા આપતા કહ્યું છે કે ×શ્યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃશ્ × અર્થાત યોગ દ્વારા આપણે આપણા ચંચળ મનને પણ કાબુમાં કરી શકીએ છીએ. મનુષ્ય જ્યારે પણ કોઈ શારીરિક અથવા માનસિક તકલીફ નો સામનો કરવો પડ્યો છે તો પોતાના શરીરને રોગમુક્ત કરવા માટે કોઈને કોઈ પ્રકારે યોગ દ્વારા શરીરને સ્વસ્થ કર્યું છે અને સાથે સાથે માનસિક શાંતિ પણ પ્રાપ્ત કરી છે. પરંતુ આજના આ આધુનિક યુગની ભાગદોડ ભરેલી જિંદગીમાં આપણા ખાનપાન અને રહન-સહન માં બહુ જ બદલાવ આવ્યા છે જેના કારણે ચિંતા, તણાવ, થાક અને ચીડિયાપણું જેવી ઘણી બીમારીઓ આપણને ઘેરી લે છે.

શરૂઆતમાં તો આપણે આપણા સ્વાસ્થ્યની બિલકુલ ચિંતા નથી કરતા કેમ કે આજકાલની વ્યસ્ત જિંદગીમાં કોઈની પાસે એટલો સમય નથી કે તે પોતાના શરીરની તરફ ધ્યાન આપે પરંતુ ધીરે ધીરે આ નાની-નાની બીમારીઓ આપણા શરીરમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ગઠીયા, મોટાપો અને માઈગ્રેન જેવી અનેક ગંભીર બીમારીઓને જન્મ આપે છે. ત્યારે આપણે થોડા જાગૃત થઈએ છીએ અને આપણું ધ્યાન કોઈક યોગ તરફ જાય છે કેમ કે યોગ જ છે જે આવી બીમારીઓને જડમૂળથી ખતમ કરી શકે છે. ફક્ત પ્રાચીનકાળના યોગીઓ એ જ નહી પરંતુ આધુનિક યુગના ડોક્ટર પણ એ વાતને પૂરી રીતે સાબિત કરીને દેખાડી છે કે યોગ જ એવી રામબાણ દવા છે કે જેના દ્વારા શારીરિક રૂપથી સ્વસ્થ રહી શકીએ છીએ અને આપણે આ હલચલ ભરી દુનિયામાં માનસિક શાંતિ પ્રદાન કરી શકે છે.






જો આપણે યોગના ફાયદા ની વાત કરીએ તો આપણે જાણીશું કે યોગના ફાયદા ઓ ની સૂચિ ક્યારેય ખતમ થાય તેવી નથી. પ્રતિદિન યોગ કરવાથી શારીરિક તંદુરસ્તી તો આવે જ છે પરંતુ તેના કરતાં પણ સૌથી વધારે માનસિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે જેનાથી આપણી અંદરનો તણાવ દૂર થાય છે અને આપણું મન પણ શાંત થાય છે અને સાથે સાથે આપણા શરીરમાં મોટી મોટી બીમારીઓ થી લડવા માટે રક્ત સંચાર પણ સુચારુ રૂપ થી થાય છે. જેથી આપણી અંદર રોગોથી લડવાની શક્તિ વધી જાય છે. યોગથી આપણી પાચનક્રિયા પણ દુરસ્ત થાય છે જેના લીધે આપણી અંદર ઊર્જા નો વિકાસ થાય છે અને આપણું શરીર લચીલું બને છે. નિયમિત યોગ કરવાથી જીવન પ્રત્યેનો ઉત્સાહ વધે છે અને આપણા અંદરના મનોબળ માં વૃદ્ધિ થાય છે. આ પ્રકારે યોગ દ્વારા આપણા તન ને જ નહી પરંતુ મનને પણ સ્વસ્થ રાખી શકાય છે.

યોગના ઘણા પ્રકાર છે જેમકે હઠયોગ, પ્રાણ યોગ, રાજયોગ, કુંભક અને જ્ઞાન યોગ વગેરે. આ જેટલા પણ પ્રકારના યોગ છે તેને કરવા માટે એક તો એમાં બહુ જ સમય આપવો પડે છે જે આજકાલની વ્યસ્ત દિનચર્યામાં સંભવ નથી અને બીજું તેમને કરવા માટે શરીરનું પુરી રીતે સ્વસ્થ હોવું જરૂરી છે જે આજના યુગમાં સંભવ નથી.

આ બધી યોગિક ક્રિયા ફક્ત આપણા શરીરને સ્વસ્થ રાખે છે પરંતુ સુરત શબ્દ યોગ એક એવી વિધિ છે જે પૂર્ણ રીતે આધ્યાત્મિક છે અને તે ન કેવળ આપણા તન અને મનને પરંતુ આપણી આત્મા ને પણ તંદુરસ્ત રાખે છે. પરમ સંત કૃપાલ સિહજી મહારાજ આ સુરત શબ્દ યોગ વિશે કહ્યું છે કે ×જો આપણી આત્મા તંદુરસ્ત હશે તો આપણું તન અને મન આપોઆપ તંદુરસ્ત થઈ જશે×. સુરત શબ્દ પ્રયોગ આપણને સમજાવે છે કે સુરત જે આપણી આત્માનું બાહ્ય સ્વરૂપ છે તે જ્યારે પ્રભુના શબ્દ સાથે જોડાય છે તો પછી જ્યાંથી આપણે આવ્યા છીએ તે પિતા પરમેશ્વર ના ઘર આપણે પરત જઈ શકીએ છીએ . જ્યારે આપણે પ્રભુના શબ્દની સાથે જોડાઈ એ છીએ તો આપણે અંદર ની દુનિયા માં જવાના લાયક થઈએ છીએ અને આપણી આત્મા નો મેળાપ પરમાત્મા સાથે થઈ શકે છે. આ અનુભવ આપણને આનંદ અને શાંતિ આપે છે. અને આપણને અંદરની મોજ ના આલમમાં લઈ જાય છે કેમ કે અંદર ની યાત્રા પ્રેમ અને ખુબસુરતીથી ભરેલી છે. સુરત શબ્દ યોગ દ્વારા આપણે આપણું ધ્યાન જે આ સમયે બહારની દુનિયામાં જઈ રહ્યું છે તેની અંદરની દુનિયામાં લઈ જઈએ છીએ. આને મેડીટેશન, ભજન-સિમરન, ધ્યાન ટેકવવા પણ કહેવાય છે. આનો અભ્યાસ કોઈપણ કરી શકે છે ભલે તે નાનો છોકરો હોય કે વૃદ્ધ હોય, ભલે તે એક ધર્મ અને માનવા વાળો હોય કે બીજા ધર્મને માનવા વાળો હોય, ભલે તે એક દેશ માં રહેતો હોય કે બીજા દેશમાં રહેતો હોય આ એક સરળ રીત છે જેનો અભ્યાસ તંદુરસ્ત હોય કે બીમાર હોય કોઈપણ કરી શકે છે. તેને આપણે ઘરમાં અથવા ઓફિસમાં પણ કરી શકીએ છીએ.

આનો પ્રતિ દિવસ અભ્યાસ કરવાથી આપણને દરેક જગ્યાએ પ્રભુ નું રૂપ દેખાવા લાગે છે અને પછી આપણને એ અનુભવ થવા લાગે છે કે જે પ્રભુની જ્યોતિ મારામાં છે તે જ બીજામાં છે જેથી આપણી અંદર એક બદલાવ આવે છે. આપણી અંદર આપોઆપ બધા માટે પ્રેમ ભાવ જાગૃત થઈ જાય છે. આપણે એક શાંતિ થી ભરપુર જીવન વ્યતિત કરીએ છીએ. તેના ફળ સ્વરૂપે આપણાથી આ શાંતિ ધીરે ધીરે પરિવાર, સમાજ, દેશી થઈને પૂર્ણ વિશ્વમાં ફેલાઈ છે. આવું કરવાથી આપણે આ ધરતી પર સ્વર્ગની કલ્પના સાકાર કરી શકીએ છીએ.

# 'વૈશ્વિક હિંદુ રાષ્ટ્ર મહોત્સવ'માં 'ધ રૅશનાલિસ્ટ મર્ડર્સ' પુસ્તકનું વિમોચન !

ડૉ. નરેંદ્ર દાભોલકર, ગોવિંદ પાનસરે, એમ.એમ. કલબુર્ગી અને ગૌરી લંકેશ આ નાસ્?તિકવાદી તેમજ શહેરી નક્ષલવાદીઓ સાથે સંબંધિતોની હત્?યાઓની તપાસમાં રાજકારણ ચાલુ છે. સજ્?જડ પુરાવા ન હોવા છતાં હિંદુત્?વનિષ્?ઠોને આરોપી બનાવીને કારાગૃહમાં ગોંધી રાખવામાં આવ્?યા. તેમના પર આરોપપત્ર પણ પ્રવિષ્?ટ કરવામાં આવ્?યા; પરંતુ પછી તપાસ યંત્રણાએ જ હત્?યા પાછળ ધરપકડ કરાયેલા આરોપીઓને બદલે એક નવો જ આરોપી હોવાનો દાવો કર્યો. સરવાળે જોતા આ સર્વ પ્રકરણોમાં નિરંતર આરોપી ફેરવવા, શસ્?ત્રો ફેરવવા, એવા ગેરકાયદેસર પ્રકાર થયા. ગૌરી લંકેશની હત્?યા કરનારાઓએ હેલ્?મેટ પહેરીને રાત્રિના અંધારામાં હત્?યા કરી હોવા છતાં પણ સંદેહીઓનાં અનેક છાયાચિત્રો લેવામાં આવ્?યાં; તો પછી પોલીસોને હેલ્?મેટની અંદરના ચહેરા કેવી રીતે દેખાયા ? ડૉ. દાભોલકર ખટલામાં ટુકડે ટુકડા કરીને સમુદ્રમાં ફેંકી દીધેલી પિસ્?તોલ શોધી કાઢી હોવાનો દાવો કરવામાં આવ્?યો; પરંતુ સમુદ્રમાંથી તે તેમને અખંડ સ્?થિતિમાં મળી ! તો પછી ઊંડા સમુદ્રમાં પિસ્?તોલની જોડણી કોણે કરી ? સરવાળે આ હત્?યાઓ કોણે અને શા માટે કરી, તેની તપાસયંત્રણાએ ક્યારે પણ પ્રમાણિકતાથી શોધ કરી જ નહીં. કેવળ આ હત્?યાઓનો રાજકીય લાભ માટે કેવી રીતે ઉપયોગ થઈ શકશે, એટલું જ જોવામાં આવ્?યું, એવું પ્રતિપાદન 'ધ રૅશનાલિસ્?ટ મર્ડર્સ' પુસ્?તકના લેખક ડૉ. અમિત થડાનીએ કર્યું. તેઓ 'વૈશ્?વિક હિંદુ રાષ્?ટ્ર મહોત્?સવ'માં 'ધ રૅશનાલિસ્?ટ મર્ડર્સ' પુસ્?તકના વિમોચન સમયે બોલી રહ્યા હતા. આ સમયે વ્?યાસપીઠ પર હિંદુ વિધિજ્ઞ પરિષદના સંસ્?થાપક સદસ્?ય ધારાશાસ્?ત્રી (પૂ.) સુરેશ કુલકર્ણી, હિંદુ વિધિજ્ઞ પરિષદના રાષ્?ટ્રીય અધ્?યક્ષ ધારાશાસ્?ત્રી વીરેંદ્ર ઇચલકરંજીકર અને ધારાશાસ્?ત્રી પી. કૃષ્?ણમૂર્તિ ઉપસ્?થિત હતા.

આ પ્રસંગે ધારાશાસ્?ત્રી વીરેંદ્ર ઇચલકરંજીકરે કહ્યું, ''નાસ્?તિકતાવાદીઓની હત્?યાઓ પછી હિંદુત્?વનિષ્?ઠોને આતંકવાદી ઠેરવવામાં આવે છે; પરંતુ સામ્?યવાદીઓએ કેટલા લોકોને મારી નાખ્?યા ? આ પ્રશ્?ન શા માટે પૂછવામાં આવતો નથી ? સામ્?યવાદીઓએ સમગ્ર વિશ્?વમાં ૧૦ કરોડ લોકોની હત્?યાઓ કરી છે અને નક્ષલવાદીઓએ ૧૪ હજારથી વધુ હત્?યાઓ કરી છે. નક્ષલવાદીઓ એ જ સામ્?યવાદીઓ છે અને સામ્?યવાદીઓ જ નક્ષલવાદીઓ છે; પરંતુ આ બાબતે કોઈ બોલતું નથી. આ જ વૈચારિક આતંકવાદ છે. તેને કારણે વૈચારિક આતંકવાદના વિરોધમાં પ્રત્?યેકે પ્રશ્?ન પૂછવાનું સાહસ દેખાડવું !'' ધારાશાસ્?ત્રી પી. કૃષ્?ણમૂર્તિએ કહ્યું, ''હું 'પોપ્?યુલર ફ્રંટ ઑફ ઇંડિયા' (પી.એફ.આય.) નામક જેહાદી સંગઠનના વિરોધમાં ખટલો લડી રહ્યો છું. તેને કારણે મને ધમકીઓ આપવામાં આવી, એટલું જ નહી, જ્?યારે મારા પર પ્રાણઘાતક આક્રમણો પણ થયા; પરંતુ હું શ્રીકૃષ્?ણનું સ્?મરણ કરતો હોવાથી તેની સામે મારું રક્ષણ થયું. તેથી સમાજમાંના હિંદુત્?વનિષ્?ઠ ધારાશાસ્?ત્રીઓને જ્?યારે સમય મળે, ત્?યારે તેમણે નામસ્?મરણ કરવું.'' આ પ્રસંગે ધારાશાસ્?ત્રી (પૂ.) હરિશંકર જૈને ધર્મ માટે બલિદાન આપનારાઓને ભૂલશો નહી, એવું આવાહન કર્યું.

# સદભાવના વૃદ્ધાશ્રમને માવતર જોઇએ છે. નિઃશુલ્ક પ્રવેશ અપાશે

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને



વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૦૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એ કલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ ઉપરના) સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે. આ અંગે વધુ માહિતી માટે સદભાવના વૃદ્ધાશ્રમ (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO 140
પ્રકાર: અછાંદસ
વિષય : માન સન્માન
શીર્ષક: મીરાં બની મૂકું માન
શ?બ્દો : ૧૪૩
લેખક: હેમા ત્રિવેદી

અન્યાય કરીને પામ્યા જો માન ને અકરામ
માંહ્યલો કદી ભૂલશે નહીં.. થશે આરામ હરામ.

સન્માન યોગ્ય છું કે નહીં એ તો જાણે આતમરામ.
હું પહેલો,હું જ પહેલો એ આદત છે ખરાબ.

કોઈ વેંત નમે તો હાથ નમો. જેવું માંગો એવું આપો..
માન માંગો માન આપો, કરો ના કોઈનું અપમાન.

માતપિતા ને ગુરૂજનનું સદા કરો સન્માન..
આંગણે આવેલાને આપો મધુરો આવકાર.

ધનિક ઘેર આવકારે જવું પણ ગરીબ?ઘેર વણનોંતરે જાય એનું સૌના હદયે
માન સન્માન થાય.

જ્યાં થાય અવગણના થોભો નહીં લગાર..
માન સન્માનની ખેવના ખરી પણ જાળવો આત્મસન્માન .

વૃધ્ધ,ગરીબ અનાથને સદાસર્વથા આપો માન..
સ્ત્રી ગમે તે વયની હોય સદા કરો સન્માન..

કૃષ્ણ પહેલા રાધાનું ને
નારાયણ પહેલાં લક્ષ્મીનું સ્થાન, ત્રણ ભુવનનો નાથ પણ કરે સ્ત્રીનું સન્માન.

માન સન્માનની ખેંચાતાણીમાં અહમ સૌના ટકરાય..
મંદિરે માથાં ટેકવે માબાપ
હડધૂત થાય,.

માંગુ ના માન અકરામ,
ના મહેલ મહોલાત. દાસી બનીશરણે રહું
જો મળે ગિરિધર ગોપાલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 0050
વિષય - માન સન્માન
શીર્ષક - સૌને વ્હાલું
શબ્દોની સંખ્યા - ૧૩૦
લેખિકા - રાગીની શુક્લ "રાગ"
.....................................

સ્ત્રીને જોવાની રીત ધૃતકારેલી દ્રષ્ટિએ...!
તોય અપમાન હસતાં મુખડે સહન કરે...!
ના કોઈ સમજે સ્ત્રીની લાગણીઓને ત્યાગવૃતી...!
ના કદી સન્માન આપે..!

ના સ્ત્રીની તમન્નાઓને લાગણી કે કરોડોની સંપત્તિ ..!
તોય તેને કુચડી નાંખીએ..!
સ્ત્રી દરેક વખતે સમર્પણ કરે તોએ...!
તેને અપમાનિત કરાય છે...!

હરેક કષ્ટ સહન કરે છે..!
મારા રૂપ અનેકોને..!
વરસાવે વહાલ મા રૂપે અનેરો..!
દીકરી રૂપે કોમળ લાગણીઓ વાળી...!

બહેન રૂપે મધુર વ્હાલ..! પત્ની રૂપે પ્રેમાળ રંભા...!
ને ત્યાગ તણો દેહ...!
હંમેશા ઘંટીના આટા માં પીસાતી...!

ફરજ ને જવાબદારીઓમાં પીસાતી...!
એક જ જન્મમાં અનેકો પાત્રો ભજવતી...!
પોતાનાં બલિદાન થકી કુટુંબને તારતી હંમેશાં..!
પારકાંને પોતાનાં બનાવતી...!

નારી બની બધે પૂજાતી..!
તો પણ અપમાનનાં ઘુંટળા પીતી..!
ના મળતાં કદી માન સન્માન..!
માઠાં પ્રસંગે વિષપાન પણ કરવાની તૈયારી હામે રાખજો...!

માન આપવાથી માન મળે એ શક્ય નથી ...!
અપમાન સહીને મધુ વેણ જવાબ દેશે...!
વાવેલું ઉગી જ નીકળે છે...!

રાગીની શુક્લ "રાગ"
મુંબઈ .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. -- 39
વિષય -- માન-અપમાન
શીર્ષક - ગરીબનું હોવું
શબ્દો - ૧૧૦
લેખકનું નામ -- પ્રફુલ્લા "પ્રસન્ના"

ઉપર આભ નીચે ધરતી, વચમાં મારું હોવું!
આમતેમ ઝૂલીને જીવતાં સાબિત કરું મારું હોવું!

ખસી જશે પગ નીચેથી ધરા, ડર એનો લાગે!
તૂટી પડશે આભ માથે, ભીતિ મનમાં જાગે!

આંગળીઓ વડે પગ દબાવી, ધરી રાખું સ્થિરતા!
ઘડિયાળના લોલકની જેમ ડોલવાની રાખું પ્રવીણતા!

ધ્રૂજે ધરા કે તૂટે આભ, સાબિત કરવું પડે હોવું,
આત્મવિશ્વાસ હોય જાત ઉપર એ જ સૂચવે હોવું,

માન- અપમાનની પરવાહ વગર ઝૂકીને જીવવું પડે!
પેટ ખાતર જીવ સટોસટનાં ખેલ કરવાં પડે!

ઝૂકી લઈશું , ઝૂલી લઈશું, ભૂખ્યાં પેટે ઝઝૂમી લઈશું!
પ્રેમ-આદર-સ્વમાનને પાણી સાથે ગળી જઈશું!

દાંતને ચાવણું ને અંગ પર એક ઓછાડ મેળવવાં,
અપમાનો અહર્નિશ સહીને, જાત સાથે લડી લઈશું!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 150
વિષય : માન સન્માન
શીર્ષક : "આપ"..એક શિષ્ટાચાર
શબ્દો : ૨૮૨
લેખક : દેવેન્દ્ર જોશી
મુંબઈ

કોઈપણ વ્યક્તિને માનપૂર્વક બોલાવો તો ગમે જ છે. અભણ હોય કે ભણેલો, ઉંમરમાં નાનો હોય કે મોટો, ગરીબ હોય કે તવંગર-દરેક વ્યક્તિને પોતાનું માન-સન્માન વ્હાલું હોય છે
એટલે જ તમે તેને માનથી બોલાવો એને ગમે અને તમે પણ એની નજરમાં માનનીય વ્યક્તિ બની જાવ એ ચોક્કસ.

તું , તમે અને આપ -આ ત્રણ શબ્દો આપણે રોજબરોજની ભાષામાં એકબીજા સાથે વાતચીત કરતી વખતે વાપરતા હોઈએ છીએ. ઉમરમાં નાની હોય, અંગત હોય,ખાસ હોય એને સામાન્ય રીતે તુકારે બોલાવીએ છીએ એમાં કંઈ ખોટું નથી પણ એ તુકારમાં પ્રેમભાવના હોવી જોઈએ હકભાવના નહીં.
ગમે તે ઉમરની કોઈ પણ અજાણ વ્યક્તિ સાથે વાત કરતી વખતે "તમે" કે "આપ" નો ઉપયોગ એક જરૂરી શિષ્ટાચાર છે અને એને નભાવીને સામેની વ્યક્તિનું માન જાળવીએ તો એ પણ આપણને માનની નજરે જુવે જ. માન કે સન્માન માંગીને લેવાના ન હોય પણ આપો તો સહજતાથી આપોઆપ જ મળે.
"ઉતર્યો અમલદાર કોડીનો" એ કહેવત યાદ છે ને ? અમલદારના હોદ્દાને માન સન્માન કે સલામ મળતા હોય છે પણ એ જ માન સન્માન વ્યક્તિ તરીકે મેળવવા માટે હોદ્દાનો રુવાબ અને અભિમાન છોડી એણે નિષ્ઠાપૂર્વક પ્રામાણિક ફરજ બજાવી લોકોની વચ્ચે નમ્રતાપૂર્વક રહીને સહાયરૂપ થઈને લોકોચાહના મેળવવી પડે . આ વાત માત્ર અમલદાર જ નહીં આપણને સૌને લાગુ પડે જ છે.

કોઈપણ ક્ષેત્રની કે કોઈપણ વ્યક્તિએ માન સન્માનના આ ચાર અવિભાજ્ય અંગો જાણી લેવા જોઈએ અને ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ..
● અનુશાસન અને શિસ્તનું પાલન
●શિષ્ટાચારનું પાલન
●નીંદાનો ત્યાગ
●મધુરવાણી

વેણ કડવું હો કે ડંખ નાગણનો, સરખું છે !
એક મારે છે તુરંત, બીજું રિબાવીને !

તો આવો અનુશાસન, શિસ્ત, શિષ્ટાચારનું પાલન કરીને નિંદાનો ત્યાગ કરી મધુરવાણીથી એકબીજાને ગમતા રહીએ અને એક બીજાનું હૃદયપૂર્વક માન-સન્માન જાળવતા રહીએ.

દેવેન્દ્ર જોશી....મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS No. : 0141*
★વિષય : માન-સન્માન★
★શીર્ષક : પિતાનો બોધ.★
★શબ્દો : ૧૨૯★
★લેખકનું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

અત્યંત લટુડાપટુડા,
તથા ગર્ભિત ધમકીથી કંટાળી,
એણે મને સ્પષ્ટ કહી દીધું......
હા જાને યાર !
મને, ભજવાને બદલે ભગવાનને ભજ;
એજ ભલું કરશે. તારું,
મારી રત્નાવલી એ કહ્યું,
તો,
મેં પ્રભુને સીધું પૂછ્યું , શું આ; સાચી વાત ?
તને ભજવાથી, તું, ભલું કરીશ ?
પ્રભુ બોલ્યા :
એણે કહ્યું છે તો બરોબર જ હશે,
જો, હું તો મળું કે ના પણ મળું...!
એમ રસ્તામાં થોડો બેઠો છું ?
એક કામ કર,
હસીને બોલ્યા.....
મને ભજવા કરતાં, જેણે તને કહ્યું, એને ભજ !
એ તને મળશે તો મારી કોઈ જરૂર નથી,
સૌ સારાં વાનાં થશે,
તમામ સિદ્ધિ અને પ્રાપ્તિ એનાથી,
જીવનનું અંતનું લક્ષ્ય છે - શાંતિ !
ભજ એને !
માન-સન્માન વધશે !
ભલું થશે,
પુજાઈશ પણ,
મને કોઈ કટાક્ષ લાગે ન લાગે, ત્યાં તો;
તથાસ્તુ !
કહી, તેઓ અંતર્ધ્યાન થઈ ગયા.....

★રસિકભાઈ વી પરમાર "રવ" વસાઈ-ફિંચાલ (પાટણ, ઉ.ગુ.)

# કીમતી અને બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં નરમાઈ: ક્રૂડ તેલમાં સુધારાનો સંચાર

### નેચરલ ગેસ, કોટન-ખાંડી, મેન્થા તેલના વાયદા ઢીલા: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૫,૭૯૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૨૫૧ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૧ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૯,૩૯૩ સોદાઓમાં કુલ રૂ.૧૭,૦૬૧.૪૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૭૯૮.૬૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૧૨૫૧.૭૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૫,૩૮૨ સોદાઓમાં રૂ.૩,૨૮૪.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૨૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૩૭૦ અને નીચામાં રૂ.૫૯,૧૩૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૦ ઘટી રૂ.૫૯,૧૫૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૮ ઘટી રૂ.૪૭,૮૨૩ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૫,૯૧૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૨ ઘટી રૂ.૫૯,૦૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૫૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૯૭૭ અને નીચામાં રૂ.૭૨,૩૫૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩૮ ઘટી રૂ.૭૨,૪૫૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૦૦ ઘટી રૂ.૭૨,૪૪૧ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૯૪ ઘટી રૂ.૭૨,૪૩૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૭૮૯ સોદાઓમાં રૂ.૧,૩૦૬.૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૩૧.૪૦ના ભાવે ખૂલી, રૂ.૨.૭૫ ઘટી રૂ.૭૩૧.૨૫ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૦ ઘટી રૂ.૨૦૩.૬૦ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૫ ઘટી રૂ.૨૨૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૭૫ ઘટી રૂ.૨૦૩.૮૫ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૪.૧૦ જસત-મિની જૂન વાયદો રૂ.૨.૩૦ ઘટી રૂ.૨૧૯.૬૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૫૦૨ સોદાઓમાં રૂ.૧,૧૭૭.૮૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૩૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૦૫ અને નીચામાં રૂ.૫,૮૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ વધી રૂ.૫,૮૯૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૧૯ વધી રૂ.૫,૮૯૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૨ના ભાવે ખૂલી, રૂ..૮૦ ઘટી રૂ.૨૧૪.૪૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૦.૮ ઘટી ૨૧૪.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૯.૬૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૧૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૪૮૦ અને નીચામાં રૂ.૫૬,૧૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ ઘટી રૂ.૫૭,૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૮.૩૦ ઘટી રૂ.૯૦૭.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૫૫.૬૦ કરોડનાં ૨,૧૧૮.૮૧૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૨૮.૯૧ કરોડનાં ૨૭૮.૨૯૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૨૭.૨૩ કરોડનાં ૭,૨૭,૨૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૫૦.૬૬ કરોડનાં ૩,૫૦,૪૯,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૮૯.૫૯ કરોડનાં ૯,૨૬૫ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૫.૬૯ કરોડનાં ૧,૩૯૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૦૪.૪૩ કરોડનાં ૯,૬૨૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૮૬.૮૯ કરોડનાં ૧૭,૫૬૮ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૮.૮૦ કરોડનાં ૩,૨૬૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૦.૮૯ કરોડનાં ૧૧૮.૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૭૮૬.૪૪૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૬૧.૦૪૫ ટન, તાંબાના વાયદાઓમાં ૧૬,૪૭૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૫૫૧ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૪૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૭૨૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૧,૦૮,૯૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૫૩,૨૭,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૨,૭૫૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૧૬.૦૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૦.૯૮ કરોડનાં ૧૩૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૫૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૬,૦૩૪ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૭૭ અને નીચામાં ૧૬,૦૧૧ બોલાઈ, ૬૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૩ પોઈન્ટ ઘટી ૧૬,૦૧૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧૨૫૧.૭૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪૬.૪૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૨૮.૪૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૬૦૩.૪૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮૬૫.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૮૨.૨૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૫.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૨.૫૦ અને નીચામાં રૂ.૨૦૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮.૧૦ વધી રૂ.૨૩૭.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૬.૧૦ અને નીચામાં રૂ.૩.૭૫ રહી, અંતે રૂ.૦.૩૫ ઘટી રૂ.૫.૮૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૨.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨૭ અને નીચામાં રૂ.૫૦૨.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ ઘટી રૂ.૫૦૮ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૯૨ અને નીચામાં રૂ.૧૨૫ રહી, અંતે રૂ.૪૩ ઘટી રૂ.૧૩૯.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૧૯ના ભાવે ખૂલી, રૂ.૭૩ ઘટી રૂ.૭૨૨ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૫૧૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૬૩.૫૦ ઘટી રૂ.૪૪૦.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૩૦ સ્ટ્રાઈક

આભાર - નિહારીકા રવિયા પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૪૫ ઘટી રૂ.૬.૯૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૮.૩૦ અને નીચામાં રૂ.૧૯૨.૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૬૦ ઘટી રૂ.૧૯૭.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૭.૫૦ અને નીચામાં રૂ.૫.૯૫ રહી, અંતે રૂ.૦.૧૦ વધી રૂ.૬.૨૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪૫ અને નીચામાં રૂ.૨૭૦.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૯ વધી રૂ.૩૪૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૦૦ અને નીચામાં રૂ.૨૭૦ રહી, અંતે રૂ.૨૬.૫૦ વધી રૂ.૩૩૯ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૭૩.૫૦ના ભાવે ખૂલી, રૂ.૮૫ વધી રૂ.૭૪૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૪૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૫ વધી રૂ.૪૭૨.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૭૩ ઘટી રૂ.૧.૮૩ થયો હતો.

**આંસુના છલકારા, ને થોડું સ્મિત થશે,**
**વાદળ ને મોસમ ની જેમ મુલાકાત થશે.**

**ભીંજાશુ હૈયે, સુંગધી માટીની જેમ,**
**થોડો કલરવ, થોડો આઘાત થશે.**
**ફૂંટી નિકળશે કૂંપળ વરસોની,**
**ત્યાં જ નવુ ઉપવન થશે.**
**સૂકાયેલા રણમાં થોડી નદી, થોડો સાગર થશે, સપન નહીં, ને સાચી આપણી મુલાકાત થશે.**
**?? કિરણ ચોનકર**
**"दिवानी"..ધરમપુર**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**મારા શબ્દો એ સાંભળી શકે છે**
**પણ એ મારી જેમ જવાબ આપી શક્તો નથી..**
**વાંચા તો એનેય છે,**
**પણ એ કોઈનું દિલ દુભાવતો નથી..**
**વેઠે છે પીડા અસહ્ય પણ મારી એકાદ પીડામાં એ રડી પડે છે..**
**જાગીને રાતભર એની આંખો તરોતાજા**
**એની આંખોમાં હેત અનોખું ,**
**એ કદી નઠારા વ્યવહારમાં પડતો નથી..**
**નિંદા કરવી એ એનો સ્વભાવ નથી ..**

**મારી આ સ્વરચિત રચના વફાદાર શ્વાન માટે છે.**
**?? કિરણ ચોનકર**
**"दिवानी"..ધરમપુર**

## રિફોમ કલબ આશ્રમ રોડ ખાતે ઘુટંણ સાંધાના દુખાવા માટે નિ : શુલ્ક સેમિનાર યોજાયો

ગ્લોબલ ગુજરાતી વૈષ્ણવ વણિક સમાજ અને વેદાંત હોસ્પિટલ ના સયુકત ઉપક્રમે થાપા ધુટંણ ના દુખાવા જોઈન્ટ રિપ્લેસમેન્ટ જેવા ગંભીર સમસ્યા ના નિવારણ બાબતે ડો રચિત શેઠ દ્વારા વિસ્તૃત માહિતી આપતો સેમિનાર યોજય હતો જેમા ગ્લોબલ ગુજરાત વૈષ્ણવ વણિક સમાજ ના વાઈસ ચેરમેન શ્રી ભરતભાઈ શેઠ સિદધાથ ભાઈ જાડાવાલા પુનિતભાઈ શ્રોફ ગીતાબેન રસિકભાઈ પટેલ (લાયન્સ ઈન્ટરનેશનલ ગવર્નર)



મહેન્દ્રભાઈ શાહ તરૂણ ભાઈ બારોટ હેમંતભાઈ મહેતા (પ્રમુખ ચાર ગામ દશાપોરવાડ ) ક્રિરિટ શાહ તેમજ સમાજ ના લોકો બસોહ થી વધારે લાભાર્થીઓ હાજર રહ્યા હતા

# ગાંધીનગરમાં આજે 'નાથ' નગરચર્યાએ



## ગાંધીનગરમાં આજે ભગવાન જગન્નાથની રથયાત્રા વર્ષોના પરંપરાગત રૂટ પરથી નીકળશે

અષાઢી બીજ ના દિવસે ગાંધીનગર શહેરમાં પંચદેવ મંદિર યુવક સમિતિ દ્વારા રથયાત્રા નું આયોજન કરવામાં આવે છે. ભગવાન જગન્નાથની આ રથયાત્રામાં ગાંધીનગરના સેકટરોને આવરી લેવામાં આવે છે.ગાંધીનગરમાં ભગવાન જગન્નાથજીની આ વખતે ૩૯મી રથયાત્રા ૨૦મી જુનના રોજ નીકળવાની છે. જો કે ગાંધીનગરમાં ચાલતાં વિકાસના કામોને લઈને નિયત રૂટ ટૂંકાવી દેવાના નિર્ણયનો ભારે વિરોધ થયો હતો. જેનાં પગલે હવે વર્ષોના પરંપરાગત રૂટમાં મહદઅંશે આંશિક ફેરફાર કરીને ૩૧ કિ.મી ની રથયાત્રા કાઢવાનો સમિતિએ નિર્ણય કર્યો છે.પાટનગર ગાંધીનગરમાં ૧૯૮૫થી મહદઅંશે નિયત થયેલા પરંપરાગત માર્ગ ઉપરથી ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રાના પરિભ્રમણનું આયોજન કરવામાં આવે છે.આ વર્ષે ૨૦ જુન અષાઢી બીજના દિવસે ગાંધીનગરમાં ૩૯ મી રથયાત્રાનો રૂટ ટૂંકાવી દેવામાં આવતા ભક્તોમાં સમિતિના નિર્ણયનો ભારે વિરોધ થયો હતો. ગાંધીનગર માં ચાલતાં મેટ્રો રેલ તેમજ પાણી ગટરની પાઈપ લાઈનોનાં ચાલતાં વિકાસના કામોને લઈ સમિતિએ રૂટ ટૂંકાવી દીધો હતો.જો કે સમિતિના નિર્ણયનો ઠેર ઠેર વિરોધ થતાં હવે પરંપરાગત રૂટ પરથી જ રથયાત્રા કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે નજીવો ફેરફાર કરીને પોલીસ ભવન સામેના રસ્તાની જગ્યાએ સેક્ટર ૮ માંથી ડાબીબાજુ વળીને ચ - ૩સર્કલથી ગાંધીનગર જીલ્લા પંચાયત સામેના રસ્તા પરથી જમણી બાજુએ સચિવાલયના ગેટ નંબર ૧ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા વચ્ચેના માર્ગેથી રથયાત્રા પ્રયાણ કરશે.તે સિવાય સેક્ટર ૧૩ માં પ્રવેશવાના માર્ગે ખોદકામ ચાલુ હોવાથી સેક્ટર ૧૨ માં રથયાત્રા લઈ જવામાં આવશે. આ સિવાય મહદઅંશે રથયાત્રાનો પરંપરાગત માર્ગ યથાવત રાખવાનો પ્રયાસ કરીને રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જો કે અષાઢી બીજના દિવસે વાતાવરણને ધ્યાને લઈને રથયાત્રાના નિયત માર્ગમાં સ્થળ સમય સંજોગોને આધીન સામાન્ય ફેરફાર કરવાની ફરજ પડી શકે તેમ છે.

## ભગવાન જગન્નાથજીની રથયાત્રા રૂટ

શ્રી પંચદેવ મંદિરથી પ્રયાણ કરી સેકટર ૨૨ શોપિંગ સેન્ટર, વિદ્યાભારતી, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ, સેકટર ૧૭શોપિંગ સેન્ટર, શ્રી હનુમાનજી મંદિરથી સેકટર ૧૬ ગાંધીનગર નાગરિક બેંકથી સેકટર ૧૬ ના મુખ્ય શોપિંગ સેન્ટર, શ્રી બાલાજી મંદિર જમણી બાજુથી વળીને બ્રહ્મ સમાજ ભવન (શ્રી સોમનાથ મહાદેવ) ડાબી બાજુ વળીને "ગ" રોડ પરના અન્ડરબ્રીજથી પસાર થઈ સેકટર ૧૨/૧૩ (ખોદકામ ચાલુ હોવાથી ફેરફાર) સેકટર ૧૨ માં શોપિંગ સેન્ટર સરકારી જનરલ હોસ્પિટલની પાછળના માર્ગેથી સેકટર ૬ માં પ્રવેશ, શ્રી ભૂનેશ્વરી માતાના મંદિર, શ્રી રોહિતદાસ સમાજ/મંદિરથી (માત્ર ભગવાન જગન્નાથજીનો રથ પરંપરાગત મુજબ), શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરથી આગળ વધી સેકટર ૬/૩ રોડથી "ઘ-૨" ના સર્કલ, સેકટર ૭ ભારત માતા મંદિર – શોપિંગ સેન્ટર – "ચ" રોડ ઉપરથી સેકટર ૮ માં પ્રવેશ – સેકટર ૮ શોપિંગ સેન્ટરથી માઉન્ટ કાર્મેલ સ્કુલ પછી ડાબી બાજુ વળીને "ચ-૩" સર્કલથી "ચ" રોડ ઉપર જમણી બાજુ પ્રયાણ, (મેટ્રો રેલની કામગીરીને કારણે, પરંપરા મુજબ પોલીસ ભવન નજીક રથયાત્રાનું પ્રયાણ શક્ય ન હોવાથી) ગાંધીનગર જીલ્લા પંચાયત કચેરીની સામે જમણી બાજુ વળીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા – સચિવાલય ગેટ નંબર ૧ ના સામેના માર્ગ ઉપર થઈને સેકટર ૧૯ ના "ક" ટાઈપના મકાનો સામેના માર્ગ ઉપરથી પ્રયાણ કરીને ડાબી બાજુથી સેકટર ૧૯ માં પ્રવેશ – સેકટર ૧૯ શોપિંગ સેન્ટરથી સેકટર ૨૦ – અક્ષરધામની પાછળની દિવાલથી ડાબી બાજુ સેકટર ૨૦ શોપિંગ સેન્ટરથી આગળ વધી ૬ નંબરના રોડ ઉપરથી સેકટર ૩૦ માં પ્રવેશ – ગુરુદ્વારા – સેકટર ૩૦ શોપિંગ સેન્ટર +થી જુની આરટીઓ કચેરી તરફથી સેકટર ૨૯/૩૦ તરફ – સેકટર ૨૯ માં શ્રી જલારામ ધામ ખાતે વિસામો – સેકટર ૨૮/૨૯ થી સેકટર ૨૮ બાલોધ્યાન પાસેના માર્ગ ઉપરથી શ્રી દત્ત મંદિર ચાર રસ્તા ઉપર જમણી બાજુ વળી ને કોલવડાનગર સોસાયટી – વરીયા સમાજ ભવન – સેકટર ૨૭/૨૮ થઈને સેકટર ૨૭ માં પ્રવેશ કરી રાજ્ય અનામત દળ (એસ.આર.પી.) જુથ ૧૨ ના કંપાઉન્ડમાં શ્રી મહાદેવજી મંદિર – જીલ્લા પોલીસ અધિક્ષક કચેરી થી બહાર નીકળી ડાબી બાજુ થઈને સેકટર ૨૭ તરફ પ્રયાણ – શિવ શકિત મંદિર સેકટર ૨૭ નજીકના રોડ પરથી એરફોર્સ વોચ ટાવર નજીકથી જુના સાંઈ બાબા મંદિરથી જમણી બાજુથી "ખ ૬" સર્કલથી ડાબી બાજુથી સેકટર ૨૪ માં પ્રવેશ – ચંદ્ર ફોટો સ્ટુડીયો પછી જમણી બાજુ વળી શાક માર્કેટ-ભારતનગર થઈને ડાબી બાજુ આઈ.ટી.આઈ. આવતાં ડાબી બાજુ વળી – "ગ ૫" સર્કલ આવતાં ફરી ડાબી બાજુ વળી સેકટર ૨૩/૨૪થી જમણી બાજુએથી સેકટર ૨૩ માં પ્રવેશ – શ્રી સ્વામીનારાયણ મંદિર – શોપિંગ સેન્ટર – કડી સર્વ વિદ્યાલય – સેકટર ૨૨ આયુર્વેદ હોસ્પીટલ પહેલાં ડાબી બાજુ પોલીસ ચોકી રોડ ઉપર – ૨૨/૨૯ ચીપ ટાઈપ શોપિંગથી થઈને "ચ ૬" સર્કલ (માત્ર ભગવાન શ્રી જગન્નાથજીનો રથ વૈજનાથ મહાદેવ) થી આગળ વધી ૨૧/૩૦ થી સેકટર ૨૧ માં પ્રવેશ કરી – પુસ્તકાલય – શાકમાર્કેટ – શ્રી અંબાજી મંદિર સેકટર ૨૧ થઈને સેકટર ૨૨ ખાતે નિજ મંદિર (પંચદેવ મંદિર) પરત ફરશે.

### ભાવનગર જિલ્લા શિક્ષણ સમિતિના ઇનોવેટિવ શિક્ષક રમેશ બારડને

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા રાજ્યકક્ષાનો અતિ મહત્વનો "શ્રી રમણભાઈ પટેલ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ" એનાયત



શિક્ષણની સંભાવના દરેક વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોય છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળામાં ઈનોવેટીવ શિક્ષક દંપતી માંથી રમેશભાઈ બારડને બાલમાનસ આધારિત શિક્ષણ પદ્ધતિથી બાળસમર્પિત કાર્યને ધ્યાને લઈ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા શિક્ષણ ક્ષેત્રે અપાતો રાજ્ય કક્ષાનો ×શ્રી રમણભાઈ પટેલ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ× અમદાવાદ યુનિવર્સિટીના વાઇસ ચાન્સલર પ્રોફેસર પંકજ ચંદ્રાના હસ્તે એનાયત થયો. શ્રી રમેશ બારડ શિક્ષણમાં ઈનોવેશન માટે જાણીતા છે. ગિજુભાઈ બધેકા, મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિ અને નાનાભાઈ ભટ્ટના વિચારોને આધુનિક સ્વરૂપે બાળકો સમક્ષ સરળ અને સહજ રીતે રજૂ કરવામાં વિશેષ આવડત ધરાવે છે. તેઓ સુપ્રસિદ્ધ લોકભારતી યુનિવર્સિટી ના પૂર્વ વિદ્યાર્થી છે. તેઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગ્રામદક્ષિણા મૂર્તિ લોકશાળા આંબલા માં મેળવ્યું છે. ખાદી, શ્રમકાર્ય, ગાંધી વિચારો, અને કેળવણીના સિધ્ધાંતો ની છાપ તેમનાં શિક્ષણ કાર્યમાં દેખાય છે. શ્રી રમેશ બારડના શિક્ષણમાં નોંધપાત્ર યોગદાન, નવીન શિક્ષણ પદ્ધતિઓ અને તેમનાં વિદ્યાર્થીઓની સફળતા માટે તેઓની અતૂટ પ્રતિબદ્ધતા પ્રકાશિત કરે છે. તેમનું શિક્ષણ કાર્ય નવાં અભિગમ સાથે નવી તકનીકોને અપનાવવામાં આવે છે, જે આનંદપ્રદ ક્રિયા પ્રતિક્રિયા કરે છે. શ્રી રમેશભાઈ અને શ્રીમતી શીતલબેન ભટ્ટી ઈનોવેટિવ દંપતિ તરીકે એકસાથે એવોર્ડ સ્વીકાર્યો હતો. ધ રમણભાઈ પટેલ એએમ એ - સેન્ટર ફોર એક્સેલેન્સ ઈન એજ્યુકેશન દ્વારા આયોજિત આ એવોર્ડ સમારંભમાં ચીફ ગેસ્ટ તરીકે પ્રોફેસર પંકજ ચંદ્રા, એ એમ એ સેન્ટર ના થોમસ જોશ, દિવ્યેશ રાડિયા, ડો. સાવન ગોડિયાવાલા, ઉન્મેષ દીક્ષિત, જ્યોર્જ વારુગેસ તેમજ અંદાજિત ૨૦૦ જેટલા બિઝનેસમેન અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી રમેશ બારડ ને એક્સીલેન્સ ઈન એજ્યુકેશન માટે આ એવોર્ડ પ્રાપ્ત થયો છે. જે શિક્ષણ જગત માટે ખૂબ ગૌરવશાળી ઘટનાં છે. તેઓને ફાધર્સ ડે ની પૂર્વ સંધ્યાએ એચડી પારેખ હોલમાં ફ્લાવર બુકે, અતિ આકર્ષક ટ્રોફી, સર્ટિફિકેટ અને રૂપિયા ૨૫૦૦૦/- ની ધનરાશી નો ચેક અર્પણ થયો હતો.



રવિવાર અમાસ ના દિવસે ખાડિયા દેસાઈ ની પોળ ખાતે અખાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ના મૈત્રી પાસાવાલા દ્વારા આનંદ ના ગરબા નુ આયોજન કરવા મા આવ્યુ જેમા પોળ ની બહેનો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

## ચાણસ્મા ખાતે વેરાઈ માતાજીના મંદિર સામે આવેલ જર્જરીત મકાનો મીડિયા ના અહેવાલ બાદ ઉતારી લેવાયા



પાટણ જિલ્લાના ચાણસ્મા શહેર ખાતે આવેલ વેરાઈ માતાજી ના મંદિર ભક્તોનું આસ્થાનુ કેન્દ્ર છે. અને દુર દુરથી ભક્તજનો દર્શનાર્થ આવે છે.આ મંદિર ની સામે જર્જરીત મકાનો આવેલ અને ત્યાંથી ભક્તજનો દર્શને આવતા જતા મોટી જાનહાની થાય એમ હતી.ભક્તજનો અને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા નગરપાલીકા અને મકાન માલિકો ને વારંવાર લેખીતમાં રજુઆત કરવા છતાં આંખ આડ કાન રાખી જર્જરીત મકાન ઉતારવાની કામગીરી ન કરાતાં મંદિરે આવતા ભક્તો તેમજ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા મિડીયા સમક્ષ રજુઆત કરતાં મિડીયા દ્વારા જર્જરીત મકાનોના સમાચાર નો અહેવાલ ન્યુઝ ઓફ ગાંધીનગર અખબાર માં પ્રસિદ્ધ કરતાં તત્કાલિક ધોરણે જર્જરીત મકાનો ઉતારી લેવાયા.

ચાણસ્મા ખાતે આવેલ વેરાઈ માતાજી ના મંદીર સામે આવેલ જર્જરીત મકાનો કોઈ મોટી દુર્ઘટના સર્જે તે પહેલા મીડીયાના સમાચાર ન્યુઝ ઓફ ગાંધીનગર અખબાર માં પ્રસિદ્ધ થતાં જ ઉતારી લેવામાં આવ્યા.

રિપોર્ટર નિખીલ જોષી
પાટણ બ્યુરો

## એનએસઈ ઇન્ટરનેશનલ એક્સચેન્જે ગિફ્ટ નિફ્ટી માટે નવી ઓળખ જાહેર કરી

### ભારતીય નાણાંકીય ક્ષેત્રમાં પરિવર્તનના નવા યુગનો પ્રારંભ




એનએસઈ ઈન્ટરનેશનલ એક્સચેન્જે આજે ગિફ્ટ નિફ્ટીની નવી બ્રાન્ડ ઓળખનું અનાવરણ કર્યું હતું જે ૩ જુલાઇ, ૨૦૨૩થી એસજીએક્સ નિફ્ટીમાંથી ગિફ્ટ નિફ્ટીમાં સંપૂર્ણ સંક્રમણનો એક ભાગ છે. ગિફ્ટ નિફ્ટીની નવી ઓળખ, અનેરી તક અને નવા ગિફ્ટ સિટી ખાતે NSE IX દ્વારા નિફ્ટી પ્રોડક્ટ્સની એક્સેસ કરવા માટે ભારતની વિકાસ ગાથામાં ભાગ લેવા માટે આંતરરાષ્ટ્રીય રોકાણકારોને નવી દિશા પૂરી પાડશે. ગિફ્ટ નિફ્ટીનો નવો દેખાવ ફ્લેગશિપ ઇન્ડેક્સ NIFTY ૫૦ સાથે સંરેખિત છે, જે ભારતીય ઈક્વિટી બજારોની ગ્રોથ સ્ટોરી દર્શાવે છે.નવા લોગોનું અનાવરણ ૩ જુલાઈ, ૨૦૨૩થી પ્રારંભ થનારી દ્વજીઈ ઁઠ-એસજીએક્સ કનેક્ટની પૂર્ણ કક્ષાની કામગીરીની તાજેતરની જાહેરાતને અનુસરે છે. દ્વજીઈ ઁઠ અને એસજીએક્સ વચ્ચેની આ વ્યૂહાત્મક પહેલ, એસજીએક્સ સભ્યોના ગિફ્ટ નિફ્ટી ઓર્ડરને એસજીએક્સ ડેરિવેટિઝ ક્લિયરિંગ થકી ક્લિયરિંગ અને સેટલમેન્ટથી ટ્રેડિંગ અને એક્ઝિક્યુશન માટે એનએસઈ આઈએફએસસી પર લઈ જવા માટે સક્ષમ બનાવે છે.શરૂઆતમાં બજારના સહભાગીઓ દ્વજીઈ ઁઠ પર ગિફ્ટ નિફ્ટી ૫૦, ગિફ્ટ નિફ્ટી બેન્ક, ગિફ્ટ નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસિસ અને ગિફ્ટ નિફ્ટી આઈટી ડેરિવેટિવ કોન્ટ્રેક્ટને એક્સેસ કરી શકે છે અને ધીમે ધીમે અન્ય સૂચકાંકો ગિફ્ટ નિફ્ટી સ્યુટ હેઠળ બહાર પાડવામાં આવશે. આ કોન્ટ્રાક્ટ લગભગ ૨૧ કલાક માટે એક્સેસ કરી શકાય છે.



પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિધા ને વિશ્વ લક ઉપર લાવવા તથા માનવજાતની ખારોગ્ય સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડાપ્રયાનશ્રી દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજૂર કરવામાં આવેલ જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.તદ્નુસાર વર્ષ-૨૦૧૫ થી પ્રતિ વર્ષ ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. ચાલુ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૨૧ મી જૂન ૨૦૨૩ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજ્યમાં વિશાળ જન ભાગીદારી સાથે ખૂબ જ ભવ્યતાથી આયોજન યોજવાનું રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

## પપ્પા ( મોટાઈ )

**આજનો દિવસ ખૂબ મંગલકારી છે. મોટાઈ તમારી લાડલીની યાદ અને પ્રણામ. જેણે**

**પોતાના પિતાનો પ્રેમ મેળવ્યો હોય તે ધનવાન ગણાય.**

**બસ આવું કંઈક મારું માનવું છે. જે મેં અનુભવ્યું છે.**
**એ રીતે મારા એ દીકરાઓ પણ**

**ખૂબ નસિબદાર છે. તેમના પિતાનું તેઓ ગૌરવ હતા.**
**આજે ભલે હયાત નથી, પણ તેમની યાદ તાજી માજી છે.**

**પિતા વિશે નિબંધ લખવા બેસું તો 'નવલકથા' લખાઈ જાય.**
**મારી મમ્મી હંમેશા કહેતી**

**" જા તારા બાપા પાસેથી કામ કઢાવી લાવ' "**
**ક્યારે પણ મારા મોટાઈએ મને ના પાડી નથી.**

**આજે તેમના ચરણોમાં યાદોના પુષ્પ અર્પણ કરી દંડવત પ્રણામ.**

**પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.